# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ગીર સોમનાથ

જિલ્લા કલેકટર કચેરી, મુ. ઇણાજ, તાલાલા રોડ, તા. વેરાવળ - ૩૬૨૨૬૫
ફોન નંબર : ૦૨૮૭૬-૨૮૫૩૪૪ ઇ-મેઇલ : collector-girsomnath@gujarat.gov.in

હુકમ નં. 39/29/10/027/2019
તા. 16/05/2019

**વંચાણે લીધા :-**

(૧) અરજદારશ્રી પ્રવિણભાઇ ગોકળભાઇ ભંડેરી
રહે. મુ હડમતીયા (ગીર), તા તાલાલા, જિ ગીરસોમનાથ, હડમતીયા ગીર-362140 ની તા. 05/04/2019 ની ઓનલાઇન અરજી તથા સોગંદનામુ

(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ - ૪૮, ૫૬, ૬૬ તથા ૬૭

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨

(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ/ટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧/હ.૧ તા. ૩૧/૦૩/૨૦૧૧

(૭) iRCMS પોર્ટલ પરની કેસ વિગત

**હુકમ :-**

વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી પ્રવિણભાઇ ગોકળભાઇ ભંડેરી એ મોજે હડમતીયા તા. તાલાલા જિ. ગીર સોમનાથ ના સરવે/બ્લોક નં. 225/૧ ના ક્ષેત્રફળ 31,970.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 3,465.00 ચો.મી ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

| સરવે/બ્લોક નંબર<br>ટી.પી. નંબર<br>એફ.પી. નંબર | માંગણીનું<br>ક્ષેત્રફળ (ચો.મી.) | કબજેદારોના નામ<br>(ખાતા નં. 121) | જમીનનો સત્તાપ્રકાર<br>(૭/૧૨ મુજબ) |
|---|---|---|---|
| સરવે/બ્લોક નં. : 225/૧<br>જુનો સરવે/બ્લોક નં. : ---<br>ટી.પી. નં. : ---<br>એફ.પી. નં.: --- | 3,465.00 | શ્રી પ્રવિણભાઈ ગોકળભાઈ ભંડેરી | જુની શરત (જુ.શ) |

વસુલ કરવામાં આવેલ કરવેરાની વિગત નીચે મુજબ છે.

| કરની વિગત | સદર | માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.) | દર રૂ. પ્રતિ ચો.મી. | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| રૂપાંતર કર | 569-0035-00-800-01 | 3,465.00 | 8.00 | 27,720.00 |
| વિશેષ ધારો | 570-0035-00-101-01 | 3,465.00 | 0.15 | 520.00 |
| લોકલ ફંડ | 574-0029-00-103-01 | 3,465.00 | 0.08 | 260.00 |
| શિક્ષણ ઉપકર | 575-0045-00-108-01 | 3,465.00 | 0.04 | 130.00 |
| માપણી ફી | 577-0029-00-106-01 | 3,465.00 | --- | 1,800.00 |
| | | | કુલ રૂ. | 30,430.00 |

ઉપર્યુકત તમામ હકીકતો ધ્યાને લઇ મોજે હડમતીયા તા. તાલાલા જિ. ગીર સોમનાથ ના સરવે/બ્લોક નં. 225/૧ ના ક્ષેત્રફળ 31,970.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 3,465.00 ચો.મી ની જમીનને નીચે જણાવેલ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી હેતુ માટે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.



Scanned by CamScanner

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી / કરાવી આ હુકમ આધારે તેમજ મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન / પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) *અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો ) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.15 પ્રમાણે રૂ. 520.00 તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) ગીર સોમનાથ નગર નિયોજક કચેરી એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા. ૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા / કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧/૧૭૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા / શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવાના રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ / પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા. ૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.

૨. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.

૩. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

૪. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

૫. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

૬. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૮. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનુ રહેશે.

(૯) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.



Scanned by CamScanner

(૧૦) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહિ.

અરજદારે ઉપરોકત શરતોનું પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૨) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસુલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આવ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૩) ઉપરોકત શરતોમાં ગમે તે મજકુર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરુધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સુચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

(૧૪) - પ્રશ્નવાળી જમીનને વન/જંગલ/ઇકોસેન્સીટીવ ઝોન તથા સી.આર.ઝેડ. ને લગતા કાયદા/નિયમોના બંધનો લાગુ પડતા હોય તો તે અંગેની સબંધિત વિભાગો પાસેથી અલગથી મંજુરી/પરવાનગી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

- જો અગાઉ કોઇ ચોકકસ હેતુ માટે પ્રિમિયમ ભરપાઈ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય/ નકશા મંજુર કરવાના થતા હોય તો વિકાસ પરવાનગી આપતા પહેલા પ્રિમિયમ તફાવત ભરાયાની સંબંધિત સતામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે.

- જી.ડી.સી.આર મુજબ જે તે હેતુ/ ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહિં હોય તો તે ઉપયોગ કરી શકાશે નહિ.

- જેની ઝોનમાં જી.ડી.સી.આર મુજબ જેટલું બાંધકામ મળવાપાત્ર હશે તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે.

- બિનખેતી પરવાનગી આપ્યા બાદ જો આમ મંજુરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દુર કરવાપાત્ર હશે.

ઉપર્યુકત ઉપર્યુકત શરતોને આધીન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.

( એચ.આર.મોદી )
નિવાસી અધિક કલેકટર, ગીર
સોમનાથ

આર.પી.એ.ડી.
પ્રતિ,
પ્રવિણભાઇ ગોકળભાઇ ભંડેરી
મુ હડમતીયા (ગીર)
તા તાલાલા
જિ ગીરસોમનાથ
હડમતીયા ગીર-362140

નકલ રવાના:-
૧. નગર નિયોજકશ્રી, ગીર સોમનાથ નગર નિયોજક કચેરી
૨. મામલતદારશ્રી તા. તાલાલા જિ. ગીર સોમનાથ (હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ મુજબ કરાવવા સારૂ.)
૩. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ જિ. ગીર સોમનાથ



Scanned by CamScanner

G. P. Rjt. Sr. 7 Std.-36 10-2018 20,00,000-A4 Orange J.
G.R. R.D. No. R.A.M. 1(2006-1223-L.1 dated 3-8-2006)

આર. વી. ૧૬ જી. (સુધારેલ)

# ગામ નમુનો નંબર ૮-અ (જમીનની ખાતાવહી) No. J 0217428

ગામ/મોજે : હડમતીયા

ખાતા નંબર : ૧૨૧

તાલુકો : તાલાલા

જિલ્લો : ગીર સોમનાથ

પાનું : 2294064152

1 of 1

કબ્જેદારોના નામ :

શ્રી પ્રવિણભાઈ ગોકળભાઈ ભંડેરી<૨૬૮૫>

| નમુના ૬નો નોંધ નંબર | બ્લોક/સર્વે નંબર તથા હિસ્સો | ક્ષેત્રફળ હે. આરે. ચોમી. | આકાર જુડી બી. બે. વિ | લોકલ સેસ | શિક્ષણ ઉપ-કર | અન્ય કર | અન્ય વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૨૬૮૬ | ૨૨૫/૧ | ૩-૧૯-૭૦ | ૮.૫૦ | | | | ખેતીલાયક ઉપયોગ |
| કુલ: | (૧) | ૩-૧૯-૭૦ | ૮.૫૦ | | | | |

વી. સી. ઈ.
ગ્રામ પંચાયત
રમરેચી

Processed By: (નાયબ મામલતદાર(ઈ-ધરા))

06/12/2018 01:06 am ની સ્થિતિએ

વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. ૫/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ. પ્રીંટ તા. 27/05/2019 10:20:35

સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : ગ્રામ પંચાયત RAMARECHI, તાલાલા

મામલતદાર કચેરી, ગુજરાત સરકાર

Scanned by CamScanner

G. P. Rjt.2 Sr. No.-11 Std.-22 07-2018 40,00,000 A4 Block
G.R., R.D. No. RAM 102006-1223-L.1 dated 3-6-2006

આર. વી. ૨૪ ઇ. (સુધારેલ)

# ગામ નમુનો નંબર ૭ અને ૧૨ No. P 3011264

1293003399

પાનું : 1 of 1

બ્લોક/સરવે નંબર :

સત્તાપ્રકાર : ૨૨૫/૧
જુની શરત (જુ.શ)

ખેતરનું નામ : કોરમાનુ

અન્ય વિગતો :

મોજે : હડમતીયા

તાલુકો : તાલાલા
ગીર સોમનાથ

જિલ્લો :

| લાયક જમીન | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | ખાતા નંબર \| ક્ષેત્રફળ \| આકાર હે.આરે.ચો.મી. | નોંધ નંબરો અને કબ્જેદારોના નામ |
|---|---|---|---|
| જરાયત | ૨-૦૪-૩૬ | | ૨૧,૧૧૦,૨૦૧,૨૫૪,૮૧૩,૧૨૬૨,૧૩૩૪,૨૪૧૫, ૨૬૮૬,૪૧૭૦, |
| પો.ખ.ખ | ૧-૧૫-૩૪ | | |
| ---------------- | ---------- | ------------------------ | ------------------------------ |
| કુલ ક્ષેત્રફળ | ૩-૧૯-૭૦ | ૧૨૧ \| ૩-૧૯-૭૦ \| ૮.૫૦ | શ્રી પ્રવિણભાઈ ગોકળભાઈ ભંડેરી(૨૬૮૫) |
| આકાર રૂ. | ૮.૫૦ | | |
| જુડી તથા વિશેષધારો રૂ | 0.00 | | |
| પાણીભાગ રૂ. | 0.00 | | |

| ગણોતિયાની વિગતો | બીજા હક્કો અને બોજાની વિગતો |
|---|---|
| | ૮૧૪,૧૬૯૩,૧૯૫૦,૨૦૭૮,૨૧૭૪,૨૬૭૧,૨૭૧૬,૩૨૨૯, ૪૦૩૯, |

-----------------------------------------------

કુવો કાચો, આંબા - ૧૦૦<૦>

રહેણાંક મકાન<૩૨૨૯>

નાયબ કલેક્ટરશ્રી વેરાવળના હુકમ નં.આર.આર.ટી.અપીલ કેસ નં.૩૨/૨૦૧૮ તા.૨૭/૦૯/૨૦૧૮ ના<૪૧૭૦>

હુકમ મુજબ વિવાદીની વિવાદ અરજી દફતરે કરવા હુકમ થતા<૪૧૭૦>

તી. સી. ઈ.
ગ્રામ પંચાયત
રમરેચી

Processed By: (નાયબ મામલતદાર(ઈ-ધરા))

#-નામંજુર &-તકરારી *-રદ

06/12/2018 01:08 am ની સ્થિતિએ

વેચાણની નકલ/ Chargable Copy ફી રૂ. ૫/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે. આભાર સહ. પ્રીંટ તા. 27/05/2019 10:20:58

સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : ગ્રામ પંચાયત RAMARECHI, તાલાલા

મામલતદાર કચેરી, ગુજરાત સરકાર

## ગામ નમુનો નંબર ૧૨

| | |
|---|---|
| બ્લોક/સરવે નંબર : ૨૨૫/૧ | મોજે : કડમતીયા |
| કુલ ક્ષેત્રફળ (હે. આરે. ચોમી.) : ૩-૧૯-૭૦ | તાલુકો : તાલાલા |
| | જીલ્લો : ગીર સોમનાથ |

હાલના ખાતેદારીના નામ (ખાતા નંબર) :

શ્રી પ્રવિણભાઈ ગોકળભાઈ ભડેરી (૧૨૧)

પાકની વિગતો :

| વર્ષ | મોસમ | પાકનું નામ | પાકનો વિસ્તાર હે. આરે. ચોમી. | સિંચાઇનો સ્રોત અને સિંચાઇનું સાધન | વૃક્ષો પોતાના અને સરકારી | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૬-૨૦૧૭ | | પડતર | ૧-૧૫-૩૪ | ---/---- | આંબા(૩૦૦) | |
| | | ફળઝાડ | ૩-૧૯-૭૦ | કુવો | આંબા(૩૦૦) | |
| | | મગફળી | ૨-૦૪-૩૬ | કુવો પોતાનો/---- | | |
| ૨૦૧૭-૨૦૧૮ | | પડતર | ૧-૧૫-૩૪ | ---/---- | આંબા(૩૦૦) | |
| | | ફળઝાડ | ૩-૧૯-૭૦ | કુવો | આંબા(૩૦૦) | |
| | | મગફળી | ૨-૦૪-૩૬ | કુવો પોતાનો/---- | | |
| ૨૦૧૮-૨૦૧૯ | | પડતર | ૧-૧૫-૩૪ | ---/---- | આંબા(૩૦૦) | |
| | | ફળઝાડ | ૩-૧૯-૭૦ | કુવો | આંબા(૩૦૦) | |
| | | મગફળી | ૨-૦૪-૩૬ | કુવો પોતાનો/---- | | |

ગ્રામ પંચાયત
રમરેચી

Processed By: (નાયબ મામલતદાર(ઈ-ધરા))



Scanned by CamScanner